No Pages to Display

અમદાવાદ

નૂતન બાળસાહિત્ય માળા : શ્રેણી બીજી : પુસ્તક દશમું

# નાનકડો કનુ

☆

વિમળાબેન મોતીલાલ સેતલવાડ

☆

શારદામંદિર
અમદાવાદ ૭
બાલમંદિર

નૂતન બાળસાહિત્ય માળા
નારગોળ : વાયા ઉમરગામ

આવૃત્તિ ચોથી ] ૧૯૬૭ ૫૦ પૈસા


એક છોકરો હતો; તેનું નામ કનુ હતું.

તેના બાપાનું નામ હરિભાઈ હતું;
અને તેની બાનું નામ સરોજબેન હતું.

હરિભાઈને કનુ બહુ વહાલો હતો. તેમણે કનુને એક સુંદર કોટ અને રંગીન ચડ્ડી અપાવ્યાં.



સરોજબેનને પણ કનુ બહુ વહાલો હતો. તેમણે કનુને એક સુંદર છત્રી અને જોડા અપાવ્યાં.



હવે કનુનો જોઈ લો રુઆબ ! એ તો આ નવાં નવાં કોટ, ચડ્ડી ને બૂટ પહેરીને અને છત્રી ઓઢીને ચાલ્યો આમતેમ ફરવા.



ફરતાં ફરતાં કનુ જંગલમાં પહોંચી ગયો; ત્યાં તેને એક વાઘ મળ્યો. તે બોલ્યો, "કનુભાઈ, કનુભાઈ, તમને ખાઉં !"

કનુ વાઘ જોઈને પહેલાં તો ખૂબ ગભરાઈ ગયો. પરંતુ પછી તેણે વાઘથી બચવા વિચાર કરવા માંડયો.



તેને એક સરસ વિચાર આવ્યો. તેણે વાઘને કહ્યું, "વાઘભાઈ, વાઘભાઈ, તમે મને ન ખાઓ તો હું તમને આ મારો સુંદર કોટ આપીશ. તમે તે પહેરશો તો રાજા જેવા દેખાશો!"

વાઘને આ વાત બહુ ગમી. તે મનમાં બોલ્યો, "કનુનો કોટ પહેરીને વનના રાજા થવાની ખૂબ મજા પડશે."

તે તો કનુનો કોટ લઈને જંગલમાં ચાલી ગયો.

પણ એટલામાં તો કનુને બીજો વાઘ મળ્યો! તે પણ બોલ્યો, "કનુભાઈ, કનુભાઈ, તમને ખાઉં."

બિચારો કનુ કહે, "વાઘભાઈ, વાઘભાઈ, તમે મને ન ખાઓ તો હું તમને આ મારી સુંદર ચડ્ડી આપીશ. તમે તે પહેરશો તો રાજા જેવા દેખાશો !"

બીજા વાઘને પણ કનુની આ વાત ખૂબ ગમી ગઈ અને તે કનુની ચડ્ડી લઈને જંગલમાં ચાલી ગયો.

પછી તો કનુને ત્રીજો અને ચોથો વાઘ મળ્યો; અને કનુને બાકી રહેલાં પોતાના છત્રી અને જોડા પણ આપી દેવાં પડ્યાં !

કનુ તો હવે રડવા જેવો થઈ ગયો. તેને વિચાર આવ્યો, "ઘરે જઈશ અને બા બાપુજી પૂછશે તો હું શો જવાબ આપીશ ?"



પણ કનુ એમ કાંઈ સૂંઝાય તેવો ન હતો. તેણે તો નક્કી કર્યું, "ગમે તેમ થાય તો પણ મારે મારી બધી વસ્તુઓ વાઘ પાસેથી પાછી મેળવવી જ જોઈએ."

તે તો વાઘને શોધવા ઊંડા ઊંડા જંગલમાં ચાલ્યો. શોધતાં શોધતાં તેણે આ ચારેય વાઘને એક ઝાડ પાસે વાતો કરતા જોયા.

વાઘ શી વાતો કરે છે તે સાંભળવા કનુ ઝાડની પાછળ લપાઇને ઊભો રહ્યો.

દરેક વાઘે કનુની એકેક વસ્તુ પહેરી હતી અને દરેક વાઘ રોફથી બીજા વાઘને કહેતો હતો, "જુઓ, હું કેવો સરસ દેખાઉં છું હું તો જંગલનો રાજા છું!"



કનુને આ સાંભળી એક સરસ વિચાર આવ્યો. તે એકદમ બધા વાઘ પાસે ગયો ને બોલ્યો, "કપડાં પહેરીને રાજા ન થવાય પણ લડાઈમાં જીત મેળવીને રાજા થવાય."



ચારેય વાઘને આ વાત બહુ જ ગમી; કારણ કે દરેકને રાજા થવાનું બહુ મન હતું.

તેઓ એકદમ બોલી ઊઠ્યા, "સાચી વાત, સાચી વાત."

ચારેય વાઘે પોતાની વસ્તુ કાઢી નાંખીને બાજુએ મૂકી; તેઓ લડવા માટે તૈયાર થયા.

કનુએ એક, બે, ત્રણ કહ્યું, ને લડાઈ શરૂ થઈ.

લડાઇ ખૂબ ભયંકર જામી. મારામારી ને કાપાકાપી ખૂબ ચાલી. કોઇનો હાથ કપાયો, તો કોઈનો પગ કપાયો. એક વાઘનું પૂછડું પણ કપાયું !

કનુને આ લડાઈ જોવાની ખૂબ મજા પડી.



પણ ત્યાં તો કનુને વિચાર આવ્યો "બસ, હવે ખરો લાગ છે. હવે સારી બધી વસ્તુઓ લઈને ભાગી જવાની ખરી મજા છે."

તે તો ગુપચુપ બધી વસ્તુઓ લઈ દોટ મૂકીને નાઠો.



છેવટે એક મોટા અને જાડા વાઘે બધાય વાઘને મારી નાખ્યા; અને હવે પોતે મોટો રાજા થશે અને પોતાને બધાય વાઘની વસ્તુઓ પહેરવા મળશે એટલે કેવો સુંદર દેખાશે તેનો વિચાર કરવા લાગ્યો.



પણ એ બિચારા વાઘને ક્યાં ખબર હતી કે આ રાજા સાહેબનો પોષાક તો આપણો કનુ ક્યારેય લઈને ઘર ભેગો થઈ ગયો હતો !

પ્રકાશક : મનુભાઈ સુખલાલ શાહ, નારગોળ, વાયા ઉમરગામ.
મુદ્રક : જેરામભાઈ કે. પટેલ, શ્રી 'સ્વસ્તિક' પ્રિન્ટીંગ પ્રેસ, લીમડાચોક, સુરત.